# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14.03.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આસામના સિલચરમાં 23 હજાર550 અને કોલકાતામાં આશરે 18 હજાર 680 કરોડના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટનઅને શિલાન્યાસ કરશે

2) ભારતે પશ્ચિમ એશિયાની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાંરાખીને ઈરાનથી ઊર્જા અને માલસામાનની અવરોધ વિનાની પરિવહનના મહત્વ પર ભાર મૂક્યો

3) ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન આજે હિમાચલ પ્રદેશની મુલાકાત દરમ્યાન વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેશે

4) તૃણમૂલ કોંગ્રેસ સહિત અનેક વિપક્ષી સાંસદોએ મુખ્યચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને તેમના પદ પરથી દૂર કરવા સંસદમાં ઠરાવ લાવવાની માંગકરતી નોટિસ રજૂ કરી

5) ભારતના આંતરરાષ્ટ્રીય માસ્ટર મયંક ચક્રવર્તી ગ્રાન્ડમાસ્ટર બન્યા

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM ASSAM VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આસામના સિલચરની મુલાકાત દરમ્યાન 23 હજાર 550 કરોડ કરોડ રૂપિયાથી વધુના અનેક પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કરશે.અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ.

(VC – પૂજા)

# PM - KOLKATA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે કોલકાતામાં આશરે 18 હજાર 680 કરોડના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. પ્રધાનમંત્રી આશરે 16 હજાર 990 કરોડના ખર્ચે 420 કિલોમીટરથી વધુના અનેક રાષ્ટ્રીય ધોરીમાર્ગ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ.

(VC – કૌશિક)

# PUNJAB - SHAH RALLY

ગૃહમંત્રી અમિત શાહ આજે પંજાબના મોગામાં એક રેલીને સંબોધિત કરશે. બદલાવ રેલી તરીકે ઓળખાતા આ કાર્યક્રમને ભાજપા દ્વારા આગામી વર્ષે

યોજાનારી વિધાનસભા ચૂંટણી પહેલા પંજાબમાં એક રાજકીય અભિયાન તરીકે જોવામાં આવી રહ્યું છે. કેન્દ્રીય રેલ્વે રાજ્યમંત્રી રવનીત સિંહ બિટ્ટુ અને રાજ્યના વરિષ્ઠ ભાજપના નેતાઓ પણ આ રેલીમાં જોડાશે.

# MORN. GOVT BRIEFING - WEST ASIA

પશ્ચિમ એશિયાની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ભારતે ઈરાનથી ઊર્જા અને માલસામાનના અવરોધ વિનાના પરિવહનના મહત્વ પર ભાર મૂક્યો છે. ગઈકાલે નવી દિલ્હીમાં પશ્ચિમ એશિયાની પરિસ્થિત અંગે આંતરમંત્રીસ્તરીય પત્રકાર પરિષદમાં બોલતા વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું કે,

(બાઈટ- રણધીર જયસ્વાલ)

બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયના વિશેષ સચિવ રાજેશકુમાર સિંહાએ જણાવ્યું હતું કે હોર્મુંઝ સ્ટ્રેટની પશ્ચિમમાં 24 ભારતીય ધ્વજવાળા જહાજો હાજર છે. તેમણે એમ પણ કહ્યું હતું કે હોર્મુંઝ સ્ટ્રેટની પૂર્વમાં ત્રણ ભારતીય ધ્વજવાળા જહાજો હાજર છે.

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ જણાવ્યું હતું કે ભારત પેટ્રોલ અને ડીઝલ ઉત્પાદનમાં આત્મનિર્ભર છે. તેમણે જણાવ્યું હતું કે 25 હજાર LPG વિતરકો LPGની કોઈ અછત અનુભવી રહ્યા નથી અને દરરોજ 50 લાખ સિલિન્ડરનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.

માહિતી અને પ્રસારણ મંત્રાલયના સંયુક્ત સચિવ સેન્થિલ રાજને લોકોને અપીલ કરી છે કે તેઓ ફક્ત સત્તાવાર માધ્યમો દ્વારા જ LPG બુક કરાવે અને ઓનલાઈન છેતરપિંડીથી સાવધ રહે.

## VP - HIMACHAL PRADESH

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન આજે હિમાચલ પ્રદેશની મુલાકાત લેશે. તેઓ કાંગડા જિલ્લાના ધર્મશાલામાં સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ હિમાચલ પ્રદેશના નવમા દીક્ષાંત સમારોહમાં ઉપસ્થિત રહેશે. સમારોહ દરમિયાન શ્રી રાધાકૃષ્ણન ધર્મશાલામાં યુદ્ધ સ્મારક પર શ્રદ્ધાંજલિ પણ આપશે.

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# PARLIAMENT – CEC

તૃણમૂલ કોંગ્રેસ સહિત અનેક વિપક્ષી સાંસદોએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને તેમના પદ પરથી દૂર કરવા સંસદના બંને ગૃહોમાં ઠરાવ લાવવાની માંગ કરતી નોટિસ રજૂ કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર લોકસભા અને રાજ્યસભા સચિવાલય આ નોટિસોના ડ્રાફ્ટની તપાસ કરશે.

આ બાબત પર પ્રતિક્રિયા આપતા કેન્દ્રીય મંત્રી એસ.પી. સિંહ બઘેલે જણાવ્યું હતું કે તૃણમૂલ કોંગ્રેસ દ્વારા રજૂ કરાયેલી નોટિસ દર્શાવે છે કે તેમને બંધારણીય સંસ્થાઓ અને લોકશાહીમાં વિશ્વાસનો અભાવ છે. નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતા, તેમણે વિપક્ષ પર બંધારણીય સંસ્થાઓની છબી કલંકિત કરવાનો આરોપ લગાવ્યો.

તૃણમૂલ કોંગ્રેસના સાંસદ સૌગત રાયે જણાવ્યું હતું કે તેમની પાર્ટી દ્વારા રજૂ કરાયેલી નોટિસ કાયદા અનુસાર છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે પશ્ચિમ બંગાળમાં ખાસ સઘન સુધારણા પ્રક્રિયા દરમિયાન ઘણા મતદારોના નામ મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવ્યા હતા જે અન્યાયી છે.

# GOYAL - NXT SUMMIT

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે કહ્યું છે કે ભારત રોકાણ, ઉત્પાદન અને વૈશ્વિક બજારોમાં તેનો હિસ્સો વધારવા માટે એક આકર્ષક સ્થળ બની રહ્યું છે. NXT સમિટને સંબોધતા ગોયલે ભાર મૂક્યો હતો કે તાજેતરના વર્ષોમાં ભારત દ્વારા કરવામાં આવેલા મુક્ત વેપાર કરારો નવા રોકાણો માટે દ્વાર

ખોલી રહ્યા છે, ઉત્પાદન તકોનો વિસ્તાર કરી રહ્યા છે અને નવીનતા-આગેવાની હેઠળના વિકાસને પ્રોત્સાહન આપી રહ્યા છે.

## TRIBES ART FEST

નવી દિલ્હીમાં આદિવાસી કલા મહોત્સવ 2026નું ગઈકાલે સમાપન થયું. આદિવાસી બાબતોના મંત્રી જુઆલ ઓરામ અને સંસ્કૃતિ મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત આ પ્રસંગે ઉપસ્થિત  રહ્યા હતા.

શ્રી ઓરામે જણાવ્યું હતું કે ભારતના જનજાતીય સમુદાયો કલા, સંસ્કૃતિ, વારસો અને પરંપરાગત જ્ઞાન પ્રણાલીઓનો અસાધારણ ભંડાર ધરાવે છે. કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રી ગજેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે રાષ્ટ્રીય કલા મહોત્સવ જેવી પહેલો કલાકારોની સર્જનાત્મકતાને ટકાઉ આજીવિકાની તકો સાથે જોડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

## CHESS GM - ASSAM

ભારતે ચેસમાં ઇતિહાસ રચ્યો છે. આસામના આંતરરાષ્ટ્રીય માસ્ટર મયંક ચક્રવર્તી ગ્રાન્ડમાસ્ટર બન્યા છે. મયંક રાજ્યના પ્રથમ ગ્રાન્ડમાસ્ટર છે. મયંકે સ્વીડનમાં અંતિમ આંક પ્રાપ્ત કરી  ભારતના 94મા ગ્રાન્ડમાસ્ટર બન્યા.

**અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા**

- આજના અખબારોમાં વિવિધ સમાચાર મુખ્ય શીર્ષકમાં વાંચવા મળી રહ્યા છે.
- દિવ્યભાસ્કર અને ફૂલછાબે ઇરાને હોર્મુઝમાંથી પસાર થવા ભારતીય જહાજોને મંજૂરી આપી અંગેના સમાચારને મુખ્ય શીર્ષક બનાવ્યું છે.
- નવગુજરાત સમય લખે છે – સરકારની ખાતરી છતાં દેશભરમાં રાંધણગેસનો કકડાટ
- સંદેશે સપ્તાહમાં સેન્સેકસ 4 હજાર 355; નિફ્ટી 1 હજાર 299 પોઈન્ટ ઘટ્યો આ સમાચારને હેડ લાઇન બનાવી છે.
- હિન્દી અખબાર રાજસ્થાન પત્રિકાનું મુખ્ય શીર્ષક છે- CEC જ્ઞાનેશકો હટાને કે લિયે વિપક્ષ ને દિયા મહાભિયોગ નોટિસ
- સ્થાનિક પાને ગુજરાત સમાચાર લખે છે – બાટલાની બુમરાણ ગૃહમાં ગાજી: કોંગ્રેસ દ્વારા હોબાળો, સરકારે કહ્યું પૂરતો સ્ટોક
- અમદાવાદમા રમાઈ રહેલી ઇન્ડોરામા વેન્ચર્સ ઓપન ગોલ્ફ ચેમ્પિયનશીપ 2026ના બીજા દિવસે બ્રિજેશ કુમાર અને ઝેરેડ હેક સંયુક્ત લીડ સાથે આગળ આસમાચારને દિવ્ય ભાસ્કરે રમત ગમત પાને લીધા છે